એસએસવી કેમ્પસ ખાતે ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબની છઠ્ઠી બેઠક મળી

ઉત્સાહી બાળકોએ નવી-જૂની રમતો ને ટેલેન્ટના રંગ જમાવ્યા

ગાંધીનગર, તા. ૭

જી ઈ ક્લબ દ્વારા સંચાલિત ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબની છઠ્ઠી માસિક બેઠક એસએસવી કેમ્પસ ખાતે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં મળી હતી. સભ્યોનો ઉત્સાહ એટલો કે હતો કે અસહ્ય બફારાને પણ અવગણીને તેમણે પ્રવૃત્તિઓનો આનંદ લીધો હતો.

બેઠકનો પ્રારંભ હંમેશની જેમ સંજયભાઈ થોરાતે કરાવ્યો. પહેલાં પ્રાર્થના - મૈત્રીભાવનું પવિત્ર ઝરણું... અને ત્યારબાદ જે સભ્યોના જન્મદિન જૂન માસમાં છે એમને ચોકલેટ સાથે સૌ સભ્યોની શુભેચ્છાઓ અર્પણ કરવામાં આવી હતી - હેપ્પી બર્થ ડે ટુ યુ... ગીત સહિત.

એ પછી સંજયભાઈએ મેદાની રમતોનો પ્રારંભ કરાવ્યો ને ઑડિટોરિયમમાં કુંતલ નિમાવત તથા ડૉ. મમતા બુચ દ્વારા સભ્યોના પર્સનાલિટી ટેસ્ટનો આરંભ કરાયો. દસ સભ્યો ઓડિટોરિયમમાં ને બાકીના સભ્યો રમતમાં એવો ક્રમ રખાયો હતો. એક એક બાળક પોતાનો વિસ્તૃત પરિચય આપતું જાય ને એમનું મૂલ્યાંકન થતું જાય એવી વ્યવસ્થા ગોઠવાઈ હતી.

સભ્યોને પોતાનો શક્ય એટલો વિસ્તૃત પરિચય મહત્તમ ૩ મિનીટ માટે તૈયાર કરીને આવવાની સૂચના અપાઈ હતી, જેમાં તેમને પોતાની પસંદ-નાપસંદ, ગમા-અણગમા વિશે પણ કહેવાની છૂટ હતી.

મેદાની રમતોમાં ડોજ બોલ, લંગડી અને ફૂટબોલનો દોર ચાલ્યો હતો. લંગડી જેવી જૂની રમત આજની પેઢી રમી તો શકે છે પણ તેમની શારીરિક ક્ષમતા ઓછી પડે છે એ દેખાઈ આવ્યું. અલબત્ત, સૌએ મનભરીને આનંદ તો માણ્યો જ.

એ પછી ટેલેન્ટ શોનો દોર ચાલ્યો. ક્લબની પાંચમી બેઠકમાં સભ્યોનો ટેલેન્ટ શો યોજવામાં આવ્યો હતો. જે સભ્યો પાંચમી બેઠકમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા તેમને ટેલેન્ટ દર્શાવવા માટે આ છઠ્ઠી બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું અને એ સભ્યોએ ટેલેન્ટ દર્શાવ્યું પણ ખરું. ફિલ્મી ડાન્સ, અભિનય અને ગીત જેવી કૃતિઓ સ્ટેજ પર પ્રસ્તુત થઈ.

એસએસવી કેમ્પસ ખાતે કાર્યરત બ્લ્યૂ બબલ્સ એકેડેમી ઓફ આર્ટ્સ સંચાલિત ઍક્ટિંગ ક્લાસના તાલીમાર્થી કર્તુમ, હર્ષા, પિયુષ અને જૈનલ દ્વારા ચિલ્ડ્રન ક્લબની આ બેઠકના સંચાલનમાં ઉલ્લેખનીય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

ઈન્ટેલિજન્સ બ્યુરોના અમૃતભાઈનો વય નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ઈન્ટેલિજન્સ બ્યુરો ગાંધીનગરમાં પીઆઈ તરીકે ફરજ બજાવીને વય મર્યાદાને કારણે નિવૃત્ત થયેલા અમૃતભાઈ એલ. ભુનતારનો સન્માન સમારંભ ઈન્દુલાલ યાજ્ઞિક હોલ અમદાવાદમાં યોજાયો હતો.

સમારંભના અધ્યક્ષ આર. કે. રાઠોડ અને મુખ્ય મહેમાન ડો. એચ.કે.સોલંકીએ એમની સેવાઓને બિરદાવી તંદુરસ્ત અને દીર્ઘ આયુષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સમાજમાંથી રાકેશ આર. શાહ, એસ. એમ. રાઠોડ અને સમાજના આગેવાનો, કર્મચારીઓ તથા સગા સંબંધીઓએ મોટી સંખ્યામાં હાજર રહી તેમને બુકે, ભેટ-સોગાદ વગેરે આપીને શુભેચ્છાઓ પાઠવી હતી.

નિવૃત્ત થતા અમૃતભાઈએ તેમના પ્રતિભાવોમાં સમાજમાં શિક્ષણ માટે પ્રવૃત્તિ કરવાની વાત રજૂ કરી હતી. તેમની દીકરી એવડોકેટ જ્યોતિએ પપ્પા વિશે સ્વરચિત કાવ્ય રજૂ કરી સૌને ભાવવિભોર કરી દીધા હતા. ભીમ ફાઉન્ડેશનઅમદાવાદના પ્રમુખ રાજુભાઈએ સમાજમાં શિક્ષણ પર ભાર મૂક્યો હતો.

નર્તન એકેડેમીનાં તાલીમાર્થી કથકની પરીક્ષામાં ઝળક્યાં

ગાંધીનગર, તા. ૭

એસએસવી કેમ્પસમાં કાર્યરત નર્તન ડાન્સ એકેડેમીનાં તાલીમાર્થીઓએ અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય, મિરજ દ્વારા લેવામાં આવેલી કથકની વિવિધ કક્ષાની પરીક્ષામાં જ્વલંત પરિણામ મેળવીને સંસ્થા તેમજ નગરને ગૌરવ અપાવ્યું છે.

મહાવિદ્યાલય દ્વારા લેવાયેલી કથકની પ્રારંભિક પરીક્ષામાં અર્વિ પ્રજાપતિ અને યશ્વી દેવાણી વિશેષ યોગ્યતા સાથે, પ્રવેશિકા પ્રથમ પરીક્ષામાં વિમલ ચાવડા, ચારૂક્ષી મારશેટવાર, વૈદેહી મારશેટવાર, દેવાંશી પંચોલી અને પાયલ ઉપાધ્યાય વિશેષ યોગ્યતા સાથે, પ્રવેશિકા પૂર્ણ પરીક્ષામાં હેમા ભટ્ટ અને આયુષી શર્મા પ્રથમ વર્ગ સાથે, મધ્યમા પ્રથમ પરીક્ષામાં ખુશાલી ઉપાધ્યાય, સોનાલી ઉપાધ્યાય અને સુહાની ઉપાધ્યાય પ્રથમ વર્ગ સાથે તથા મધ્યમા પૂર્ણ પરીક્ષામાં જીલ ભટ્ટ પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયાં છે. આ સૌ તાલીમાર્થીઓ કલાગુરુ હાર્દિકા શુક્લ પાસેથી કથકની તાલીમ મેળવી રહ્યાં છે.

ઉજ્જવળ પરિણામ મેળવીને સંસ્થાને ગૌરવ અપાવનાર આ સૌ તાલીમાર્થીઓ અને કલાગુરુ હાર્દિકા શુક્લને એકેડેમી સંચાલક કુંતલ નિમાવત તથા એસએસવી કેમ્પસના મેનેજિંગ ટ્રસ્ટી શૈલેષ રાજગોર દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

જન્મદિને વધામણી

ધૃવી મનોહરસિંહ રાઠોડ

સેજલબેન શાહ
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

કલ્પના પણ સત્યની બહેન હોવી જોઈએ તેવું હું માનું છું

ગાંધીનગર, તા. ૭

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા કલા નિર્દેશક સુભાષ ભટ્ટના સહયોગથી શનિવારે અમદાવાદ ખાતે, નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, પત્રકાર, રજનીકુમાર પંડયાના ૮૨મા જન્મદિન પ્રસંગે સાહિત્ય સફર 'શબ્દજયોતિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રજનીકુમાર પંડ્યાએ જણાવ્યું કે, સંઘર્ષ અને ઠોકરો મારા જીવનનો હિસ્સો છે. 'શાહજાદા મુરાદની મુરાદ બર ન આવી' તેવું વાક્ય પરીક્ષામાં લખ્યું,જેનું ઇનામ ૨૫ પૈસા મળ્યું,જે મારું પ્રથમ ઇનામ. રમેશ પારેખ અને હું સાથે વાર્તા લખતાં.' વાર્તા દર અઠવાડિયે લખાય નહીં અને અઠવાડિયામાં લખાય એ વાર્તા ના હોય' એવું મેં મારા ગુરુ મોહંમદ માંકડને કહેલું. શરૂઆતમાં કાંતિ ભટ્ટની સ્ટાઇલથી વાર્તા લખતો. કલ્પના પણ સત્યની બહેન હોવી જોઈએ તેવું હું માનું છું, જે મારી વાર્તામાં જોવા મળે છે. જેમ સોનું પહેરાય નહીં તેનો દાગીનો જ પહેરાય તેમ સત્યઘટનાની અંદર હું મારી રીતે રસપ્રદ તત્વો-પરિણામો ઉમેરું છું.

આ કાર્યક્રમને માણવા સાહિત્યકારો રતિલાલ બોરીસાગર, હર્ષદ ત્રિવેદી, કિરીટ દૂધાત, કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, વસંત ગઢવી, માધવ રામાનુજ, ચેતન શુક્લ, જનક દવે, માણેક પટેલ, લાલુભા ચૌહાણ, મહેશ શાહ, ઉર્વીશ કોઠારી, કુમારપાળ દેસાઈ, પ્રવીણ ગઢવી, સંજય ભાવે, હસમુખ રાવલ, બીરેન કોઠારી ઉપસ્થિત રહ્યા હતા.

રાજનિષ્ઠા અને શુશ્રુસા

અમારી સ્થિતિ તો તમે જાણો છો. અમારાથી જાહેરમાં ભાગ ન લઈ શકાય. પણ અમારી લાગણી તો તમારી સાથે જ. ખરા દોરનાર સર ફિરોજશા છે.'

સર ફિરોજશાને તો હું મળવાનો હતો જ. પણ આ બે વડીલોને મોઢેથી તેમની સલાહ પ્રમાણે ચાલવાનું સાંભળી, સર ફિરોજશાના પ્રજા ઉપરના કાબૂનું મને વિશેષ ભાન થયું.

સર ફિરોજશાને મળ્યો. હું તેમનાથી અંજાવાને તો તૈયાર હતો જ. તેમને અપાતાં વિશેષણો સાંભલ્યાં જ હતાં. 'મુંબઈના સિંહ', 'મુંબઈના બેતાજ બાદશાહ'ને મારે મળવાનું હતું. પણ બાદશાહે મને ડરાવ્યો નહીં. વડીલ જે પ્રેમથી પોતાના જુવાન દીકરાને મળે તેમ તે મળ્યા. મારે તેમના ચેમ્બરમાં તેમને મળવાનું હતું. તેમની પાસે અનુયાયીઓનો ડાયરો તો જામેલો જ હોય. વાચ્છા હતા, કામા હતા. તેમની સાથે મારી ઓળખાણ કરાવી. વાચ્છાનું નામ મેં સાંભળ્યું હતું જ. એ ફિરોજશાનો જમણો હાથ ગણાતા. આંકડાશાસ્ત્રી તરીકે વીરચંદ ગાંધીએ મને તેમની ઓળખ આપી હતી. તેમણે કહ્યું, 'ગાંધી, આપણે પાછા મળશું.'

આ બધું થતાં તો ભાગ્યે બે મિનિટ થઈ હશે. સર ફિરોજશાએ મારી વાત સાંભળી લીધી. ન્યાયમૂર્તિ રાનડે અને તૈયબજીને મળ્યો હતો તે પણ મેં તેમને જણાવ્યું. 'ગાંધી, તારે સારુ મારે જાહેર સભા કરવી પડશે. તને મદદ દેવી જોઈએ.' મુનશીની તરફ વળ્યા, ને તેને સભાનો દિવસ મુકરર કરવાનું કહ્યું. દિવસ મુકરર કરી મને વિદાયગીરી આપી. સભાને આગલે દહાડે પોતાને મળવાનું ફરમાવ્યું. હું નિર્ભય થઈ મનમાં મલકાતો ઘેર ગયો.

મુંબઈની આ મુલાકાત દરમ્યાન મારા બનેવી જે મુંબઈમાં રહેતા તેમને હું મળવા ગયો. તે માંદા હતા. તેમની સ્થિતિ ગરીબ હતી. બહેન એકલી તેમની સારવાર કરી શકે તેમ નહોતું. માંદગી સખત હતી. મેં તેમને મારી જોડે રાજકોટ ચાલવા કહ્યું. તેઓ રાજી થયાં. બહેનબનેવીને લઈ હું રાજકોટ ગયો. માંદગી ધાર્યા કરતાં વધારે ગંભીર થઈ પડી. મેં તેમને મારી ઓરડીમાં રાખ્યા. આખો દિવસ હું તેમની પાસે જ રહેતો. રાતના પણ જાગવું પડતું. તેમની સેવા કરતાં દક્ષિણ આફ્રિકાનું કામ હું કરી રહ્યો હતો. બનેવીનો સ્વર્ગવાસ થયો. પણ તેમના છેલ્લા દિવસોમાં તેમની સેવા કરવાનો પ્રસંગ મને મળ્યો. એથી મને ભારે સંતોષ થયો.

શુશ્રુષાના મારા આ શોખે આગળ જતાં વિશાળ સ્વરૂપ પકડ્યું. તે એટલે સુધી કે, તે કરવામાં હું મારો ધંધો છોડતો, મારી ધર્મપત્નીને રોકતો ને આખા ઘરને રોકી દેતો. આ વૃતિને મેં શોખ તરીકે ઓળખાવી છે, કેમ કે હું જોઈ શક્યો છું કે આ ગુણો જ્યારે આનંદદાયક થઈ પડે છે ત્યારે જ નભી શકે છે. તાણીતુશીને અથવા દેખાવ કે શરમને ખાતરા થાય છે ત્યારે તે માણસને કચડી નાખે છે, ને તે કરતો છતો માણસ કરમાય છે. જે સેવામાં આનંદ નથી મળતો તે નથી સેવકને ફળતી, નથી સેવ્યુને ભાવતી. જે સેવામાં આનંદ મળે છે તે સેવા આગળ એશઆરામ કે ધનોપાર્જન ઈત્યાદિ પ્રવૃતિ તુચ્છ લાગે છે.

'સત્યના પ્રયોગો'માંથી સાભાર

'મણિયારો' અને 'મોજમાં રેવું'ના અલગારી કવિની ઓળખ

'સમાજને આવી વ્યક્તિ મળવી અસંભવ તો નથી પણ દુર્લભ જરૂર છે,' એમ કહેતાં મોરારિબાપુ જે રચનાનો ઉલ્લેખ બધાં સ્થળે પોતાના કથા પ્રવચનમાં કહે છે તે 'અલખ ધણીની ખોજમાં રહેવું રે... મોજમાં રેવું રે...' ને યુવાપેઢી ભલે જરા બેહુદી રીતે અને ૨૦૧૬માં આવેલી 'લવારી' ફિલ્મના ગીત તરીકે ઓસમાણ મીરના કંઠે સાંભળતી હોય અને યુટ્યુબ પર ધૂમ મચાવતી હોય, તેના કવિ કોણ ? અને આ રચનાનું સર્જન આપણા ગાંધીનગરના સેક્ટર-૨૨માં થયું હોવાની પુષ્ટિ લોકપરંપરા અને સાહિત્યના મર્મજ્ઞ દોલત ભટ્ટ કરતા હોય તો તમને જરૂર નવાઈ લાગશે અને જાણવાની આતુરતા અને ઉત્સુકતા પણ વધી જશે.

કવિની એવી જ બીજી રચના 'મણિયારો તો હલુ હલુ થઈ વિયો રે...'થી પ્રફુલ્લ દવે ગાયક તરીકે જાણીતા થયા જેને સને ૧૯૭૬માં લાખો ફુલાણી ફિલ્મમાં લેવામાં આવેલ. આજે કોઈ પણ ડાયરો કે લોકસાહિત્ય, લોકનૃત્યનો કાર્યક્રમ 'મણિયારો' ના ગવાય ત્યાં સુધી અધૂરો લાગે છે. એવા કાળજયી સર્જનના અલગારી સર્જની ઓળખ કરવાનું તમને જરૂરથી ગમશે.

પુસ્તક પરિચય
નટવર હેડાઉ

'અલગારીની ઓળખ' પુસ્તકનું સંપાદન અને સંકલન દોલત ભટ્ટ, ભરત કવિ, ડૉ. નિરંજન રાજયગુરુ અને ડૉ. અંબાદાન રોહડિયા દ્વારા કરવામાં આવ્યું છે. ૩૪૦ પાનાંના દળદાર પુસ્તકમાં અનેક શ્વેતશ્યામ અને રંગીન દુર્લભ તસવીરો મળે છે. તે સાથે કવિ દાન અલગારીએ લખેલા ૩૪ લેખો, ૬ વાર્તાઓ, ૮૪ કવિતાઓ અને જુદા જુદા સર્જકોની નજરમાં ૩૦ ખૂબ જ જાણીતા લોક સાહિત્યકારો, ગાયકો, અધ્યાપકો, રાજકીય મહાનુભાવોએ પોતાની સાથેના કવિના અનુભવોને ખૂબ જ સુંદર રીતે સંવેદનાત્મક રીતે આલેખ્યા છે. છેલ્લે 'દાન અલગારીને પત્ર'માં 'એક પત્ર તખતદાન કે નામ' કવિ દાદ અને 'દાન અલગારી પત્ર-સ્મરણ'નું સંકલન નિરંજન રાજયગુરુ દ્વારા કરવામાં આવ્યું છે.

'દાન અલગારી'ની જીવન યાત્રા ખૂબ જ રસપ્રદ અને પ્રેરણાદાયી છે. તેમનું નામ તખતદાન રોહડિયા, રાજકોટ નજીકમાં આવેલા મુંજકા ગામના વતની. કંઠ, કહેણી અને કવિતાનો ત્રિવેણી સંગમ. 'દાન અલગારી' ઉપનામે જાણીતા થયેલા કવિને અપાર સંઘર્ષની વચ્ચે ટકાવી રાખનાર ત્રણ પરિબળો હતાં. એક માતા કરણીબાની અસીમ કરૂણા, પૂ. મોરારિબાપુ, પુરુષોત્તમ રૂપાલા જેવા ચાહક, ભીખુદાનજી, સાંઇ મકરંદ, દરબાર પૂંજાવાળા અને એવા જ દિગ્ગજ મહાનુભાવો સાથેનો તેમનો નિકટનો નાતો તેમજ અલગારી છતાં શ્રદ્ધાના વાતાવરણથી ગૂંથાયેલી તેમની દિવ્ય ચેતના, ખરા અર્થમાં આધ્યાત્મિકતાથી સભર સંત જેવું જીવન. સાંસારિક મોહમાયાને છોડી જળકમળવત જીવન જીવનારા આ કવિએ મોજમાં રહેવાનો મંત્ર સાધ્યો હતો. અને પ્રત્યેક પળને મોજથી માણી હતી. તેમના આવા વિરલ અને વિલક્ષણ વ્યક્તિત્વનો પરિચય આ પુસ્તકના પાને પાને અનુભવાય છે. તેમને મળવાનું એક વખત દોલત ભટ્ટને નિવાસસ્થાને થયેલું. ત્યારનો તેમનો બાહ્ય દેખાવ અને આંતરિક હીરના પરિચયનું સ્મરણ મને ડૉ. જગદીશ ત્રિવેદીની ગઝલના એ શેરથી ફરી એકવાર થયું. તેઓ 'મોજનું સન્માન' કરતાં લખે છે કે

વાન ભીને, પાન ખાતાં, કોણ છે ભૈ દાન છે
અલગ કાયમ ઓળખાતા, કોણ છે ભૈ દાન છે
પાતળો બાંધો, સુગંધી, હાથ સિગરેટ છે
મોજ પીતાં, મોજ ખાતાં કોણ છે ભૈ દાન છે
વેદ દશમો જ્યારથી, તખતની કલમે લખ્યો
દોહરા ઋચા ગણાતા, કોણ છે ભૈ દાન છે

અને ભોળાનાથની આ આરતી તો તમે અનેક વાર સાંભળી હશે. તે પણ અલગારીની રચના છે. જુઓ -

દાતારેશ્વર દેવ ભોળિયા, કરું તમારી સેવા
જટામાં વસે માત ગંગોત્રી, પતીતને પાવનક રતી
પારવતિના પતિ, ખોળી લે રમે ગુણનો પતિ
જાપ નિત જપે જતી ને સતી, આરતી રોજ ઊતરતી

આવા એક સાચુકલા કવિને આ પુસ્તક દ્વારા મોટી સ્મરણાંજલિ આપવાનો એક નાનો છતાં દબદબાપૂર્ણ ગરિમામય કાર્યક્રમ ગાંધીનગરના આંગણે જગત કારાણીના લાગણીસભર નિમંત્રણથી યોજાઈ ગયો. ત્યારે ભાવકો, સર્જકો અને સાહિત્યપ્રેમીઓએ અક્ષરદેહ રૂપે કવિના પોતાની વચ્ચે અનુભવ્યા તેના સ્મરણ સાથે.

અલગારીની ઓળખ
સંકલન-સંપાદન : દોલત ભટ્ટ, ભરત કવિ,
ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ. અંબાદાન રોહડિયા
પ્રકાશક : અભેસિંહ રાઠોડ, ભરૂચ
કિંમત : અમૂલ્ય
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯